બાયડમાં ગૃહ સજાવટ હેન્ડલૂમ હાઉસનો શુભારંભ

બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષના હસ્તે ઉદ્ઘાટન

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૩ બાયડમાં ગૃહ સજાવટ ફર્નિસીંગ એન્ડ હેન્ડલૂમ હાઉસનો સોમવારે વાત્રક રોડ ઉપર આવેલ આર.આર.સીટી સેન્ટરમાં શુભારંભ થયો. બાયડ નગરપાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલના હસ્તે શો રૂમનો ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારે મોટી સંખ્યામાં આમંત્રિતો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જિલ્લામાં બાયડનો સૌથી વધુ ઝડપે વિકાસ થઈ રહ્યો છે. બાયડ-વાત્રક રોડના રોકેટ ગતિએ થઈ રહેલા વિકાસથી અનેક વેપારીઓએ બાયડ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પાર્થ પ્રકાશગીરી ગોસ્વામી અને ગૌરાંગ ગોસ્વામી દ્વારા બાયડના આર.આર.સીટી સેન્ટરમાં ગૃહ સાજાવટની તમામ ચીજવસ્તુઓ મળી રહે, મોટા શહેરોમાં ખરીદી માટે જવું ન પડે તેની પૂરતી ચીવટ રાખી શો રૂમનો શુભારંભ કરતાં બાયડના અનેક વેપારીઓ, આગેવાનોએ ગોસ્વામી પરિવારના સાહસને બિરદાવ્યું છે.

ઉત્તર ગુજરાતના ૩૩,૦૦૦ પ્રા.શિક્ષકોનું આજે સર્વેક્ષણ, સી.આર.સી.ની દેખરેખમાં આયોજન

સર્વેક્ષણમાં કેટલા શિક્ષકો ભાગ લેશે તેની અવઢવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ રાજ્યની સરકારી પ્રા.શાળાના શિક્ષકોમાં કયા કૌશલ્ય રહેલા છે, તેમને કયા પ્રકારની તાલીમ આપવી પડશે..?? તેનું નિરીક્ષણ કરવા માટે તા.૨૪ ઑગષ્ટના રોજ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૩૩,૦૦૦ પ્રા.શિક્ષકોની શિક્ષક સજ્જતા સર્વેક્ષણ યોજાવવાનું છે. તમામ સી.આર.સી.ની નિગરાનીમાં ક્લસ્ટરમાં તેનું બપોરે આયોજન કરવામાં આવ્યું છે તેનું બાયસેગથી તાલીમ આપવામાં આવશે. જે રીતે સર્વેક્ષણ સામે પ્રા.શિક્ષકોએ ખૂલીને વિરોધ વ્યક્ત કર્યો છે તે જોતાં કેટલાક શિક્ષકો ભાગ લેશે તેની અવઢવ શરૂ થઈ છે. બહુમત પ્રા.શિક્ષકો ભાગ લેશે તો ગુજરાત રાજ્ય પ્રા.શિક્ષક સંઘનો હાથ ઉપર રહી શકે છે. જો મોંડ ૩૦ થી ૪૦ ટકા પ્રા.શિક્ષકો સર્વેક્ષણમાં ભાગ લેશે તો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતનું પ્રભુત્વ વધ્યાનું ગણિત માંડવામાં આવશે.

રાજ્ય સરકારના સરકારી કર્મચારીઓમાં ગણા વર્ષોથી પ્રા.શિક્ષકો યેનકેન પ્રકારે પોતાનું અપમાન થતું હોય તેવી લાગણી અનુભવતા હોય છે. મોટાભાગના કિસ્સાઓમાં તથ્ય જણાય છે, અગાઉના વર્ષમાં અછતના કામ દરમ્યાન તળાવ ઉંડા કરવા, તિડ ઉડાડવા, કોરોનાના કપરા કાળમાં રેશનીંગના જથ્થાની વિતરણ વ્યવસ્થા જોવા..સહિતની કામગીરી સોંપવામાં આવી હતી પરંતુ જ્યારથી શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો મુદ્દો આવ્યો ત્યારથી ઉત્તર ગુજરાતના ૩૩,૦૦૦થી વધુ પ્રા.શિક્ષકો રાજ્યના અન્ય પ્રાથમિક શિક્ષકો સાથે આગબબૂલા જોવા મળ્યા. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં આજે યોજાનારા સર્વેક્ષણમાં શિક્ષકોના હિતેચ્છુ ગણાતા શિક્ષક આગેવાનો અને રાજ્યના નામાંકીત સંઘોનો કેટલો દબદબો છે તેનું આંકલન થશે. હોલ ટીકીટ ડાઉનલોડ કરનારા પ્રા.શિક્ષકોની સંખ્યા વધુ હોવાથી પ્રા.શિક્ષણ વિભાગે શિક્ષકો અપપ્રચારથી દૂર રહી સર્વેક્ષણમાં ભાગ લેશે તેવો દાવો કર્યો છે તે પૂર્વે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે સરકાર અને શિક્ષણ વિભાગે પોતાનું ન સાંભળતાં ભાજપ સંગઠન પાસે પહોંચ્યા હતા. પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલને મળીને સર્વેક્ષણ અંગે રજૂઆત કરી ત્યાં સર્વેક્ષણ માટે કોઈ અધિકારી દબાણ કરે તો તેનું નામ અને માહિતી મોકલવાની સાંત્વના મળતાં રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ ઘેલમાં આવી ગયો છે. પરંતુ અત્યારે તો શિક્ષક સજ્જતા સર્વેક્ષણને પ્રા.શિક્ષકોએ પોતાની અસ્મિતાનું અને સ્વમાનનો મુદ્દો બનાવ્યો છે તે જોતાં આજે બપોરે યોજનારા સર્વેક્ષણમાં ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકાઓમાં કેટલા પ્રા.શિક્ષકો સર્વેક્ષણમાં ભાગ લેશે તેના ઉપર સરકાર, શિક્ષણ વિભાગ અને ખાસ કરીને શિક્ષક સંગઠનોની મીટ મંડાઈ છે.

સૌથી મોટા સંગઠનમાં ઉભાં ફાડીયાં પાડવાની રાજનીતિ, અનેક પ્રા.શિક્ષકોનો આક્ષેપ

બાયડ : શિક્ષક સજ્જતા સર્વેક્ષણ જાહેર થયું ત્યારથી એકાએક રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ-ગુજરાત વધુ તાકાતથી કામ કરતું જોવા મળ્યું. જ્યારે દાયકાઓથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ શિક્ષકોના પ્રશ્નો માટે લડત ચલાવતું આવ્યું છે પરંતુ કેટલાક શિક્ષકોને લગતા પ્રશ્નોના ઉકેલમાં વિલંબ, અનિર્ણયક્તા જેવા કેટલાક શિક્ષકોએ આક્ષેપ કર્યા હતા. જ્યારે શિક્ષકોની અસ્મિતાનો પ્રશ્ન આવ્યો ત્યારે સર્વેક્ષણ મુદ્દે એક તબક્કે બંન્ને સંગઠનો સર્વેક્ષણ યોજવા અગાઉ સંમત થયા અને ત્યારબાદ બે ફાંટા પડતાં પ્રા.શિક્ષકોમાં હવે કયા સંગઠન સાથે રહેવું તેની વિમાસણ શરૂ થઈ છે. પરંતુ કેટલાક જાણકારો જણાવી રહ્યા છે કે રાજ્ય સરકારની ગુજરાતમાં સૌથી મોટા પ્રા.શિક્ષક સંઘનો અંદરખાને ભય સતાવી રહ્યો છે જેથી સૌથી મોટા સંગઠનમાં ઉભાં ફાડીયાં પાડવાની કોઈએ આ રાજનીતિ તો અપનાવી નથી ને..?? તે મુદ્દે અંદરખાને ખોજ શરૂ થઈ છે. આવનારા દિવસોમાં પ્રા.શિક્ષકોનું વલણ કઈ તરફ છે તેનું ચિત્ર સ્પષ્ટ થઈ શકે છે.

નાયક સમાજ યુવા સંગઠન દ્વારા સામૂહીક યજ્ઞોપવિત કાર્યક્રમ

વૈદિક વિધિવિધાન સાથે અસાઈત વંશજોએ જનોઈ બદલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ તલોદ તાલુકાના વરવાડા ગામે પૌરાણિક ગોરઠીયા મહાદેવ મંદિર ખાતે રક્ષાબંધનના પવિત્ર દિવસે નાયક સમાજ યુવા સંગઠન દ્વારા સામૂહીક યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં અસાઈત વંશજોએ વૈદિક વિધિવિધાન સાથે જનોઈ બદલી ત્યારે હર હર મહાદેવના નાદ સાથે મંદિર પરીસર ગુંજી ઉઠ્યું હતું.

રક્ષાબંધનના દિવસે યજુર્વેદી બ્રાહ્મણો શાસ્ત્રોક્ત રીતે યજ્ઞોપવિત ધારણ કરતા હોય છે. આ પરંપરાનું મહત્વ નવી પેઢી સમજી શકે તે માટે નાયક સમાજ યુવા સંગઠનના પ્રમુખ ડા.અતુલભાઈ નાયક, માર્ગદર્શક ડા.જગદીશભાઈ નાયકની રાહબરી હેઠળ રવિવારે સમાજના બાંધવો માટે સામૂહીક જનોઈ બદલવાનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. અગાઉ સંગઠન દ્વારા હિંમતનગરના ગાયત્રી મંદિર ખાતે સૌથી મોટો જનોઈ દીક્ષા કાર્યક્રમ યોજાયા પછી ફરીવાર સંગઠનના માધ્યમથી જનોઈ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. બાળકો તેમજ યુવાનોએ વિધિવિધાન સાથે જનોઈ ધારણ કરી હતી.

આંતરોલીવાસ પુંજાજી દૂધ મંડળીના હોદ્દેદારો નિમાયા

ચેરમેન તરીકે વનરાજસિંહ ઝાલા, વાઈસ ચેરમેન જગતસિંહ મકવાણા

તલોદ, તા.૨૩ તલોદ તાલુકાના આંતરોલીવાસપુંજાજી ગામની ધી આંતરોલીવાસપુંજાજી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન, વાઈસ ચેરમેન સહિત કમીટીની વરણી કરવામાં આવી છે જેમાં પશુપાલકોનું હિત જેમના હૈયે સમાયેલું છે તેવા વનરાજસિંહ હિંમતસિંહ ઝાલાની ચેરમેન તરીકે અને જગતસિંહ જવાનસિંહ મકવાણાની વાઈસ ચેરમેન તરીકે નિયુક્તિ થતાં પશુપાલકોએ તેમની નિયુક્તિ બદલ ખુશાલી વ્યક્ત કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ધી આંતરોલીવાસપુંજાજી દૂધ મંડળીના વ્યવસ્થાપક કમીટીની બેઠક તાજેતરમાં યોજાઈ ગઈ જેમાં ચેરમેન-વાઈસચેરમેન સહિત કમીટીના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી. કમીટી સભ્યમાં ધુળસિંહ જવાનસિંહ પરમાર, બળવંતસિંહ સોમસિંહ પરમાર, મહેન્દ્રસિંહ ગુલાબસિંહ ઝાલા, સુરેશસિંહ હિંમતસિંહ ઝાલા, જયંતિભાઈ લક્ષ્મણભાઈ નાડીયા, જગતસિંહ જેહસિંહ પરમાર, ગજેન્દ્રસિંહ પ્રભાતસિંહ ઝાલા, દશરથસિંહ જાલમસિંહ ઝાલા, રણજીતસિંહ સુરજસિંહ ઝાલાની વરણી કરવામાં આવી હતી. જ્યારે આંતરીક ઓડીટરમાં કરણસિંહ શિવસિંહ ઝાલા, જેણુંસિંહ તીતસિંહ પરમાર તેમજ આમંત્રિત સભ્યોમાં મનહરસિંહ મહોબતસિંહ ઝાલા, ભીખુસિંહ નારસિંહ ઝાલા, બળવંતસિંહ દોલતસિંહ ઝાલા, રમતુસિંહ કાળુસિંહ પરમાર, અજબસિંહ ગંભીરસિંહ ઝાલાની વરણી કરાતાં સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં ૭ મહિનામાં ૮૦ સગીરાઓને ભગાડી જવાઈ

યુવાનીના ઉંબરે પ્રેમ, લગ્નના પ્રલોભનનું જોખમ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સગીરાઓના અપહરણના બનાવ ચિંતાજનક રીતે વધ્યા છે. છેલ્લા ૭ મહિનામાં પ્રેમ તેમજ લગ્નના પ્રલોભનોમાં કુલ-૭૯ સગીરાઓને ભગાડી જવાઈ છે. જેમાં કેટલાક કિસ્સાઓમાં તો જાતિય અત્યાચાર ગુજારવાના બનાવ પણ પોલીસ ચોપડે નોંધાતાં સગીરાઓના અપહરણના વધતા બનાવ સમાજ માટે ચિંતાનો વિષય બન્યા છે.

છેલ્લા કેટલાક સમયથી યુવતીઓના અપહરણના બનાવ ચોંકાવનારી રીતે વધ્યા છે તેમાંય જે રીતે સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી ભગાડી જવામાં આવી રહી છે તે ખુદ પોલીસ માટે પડકારરૂપ બન્યું છે. મોટાભાગના કિસ્સાઓમાં અપહરણનો બનાવ નોંધાય એટલે પોલીસની તપાસમાં પ્રેમ પ્રકરણનું કારણ બહાર આવતું હોય છે જેથી તપાસમાં પોલીસ કશું જ ઉકાળી શકતી નથી. છેલ્લા ૭ મહિનામાં સાબરકાંઠા જિલ્લામાં ૬૧ અને અરવલ્લી જિલ્લામાં ૧૮ સગીરાઓને ભગાડી જવાના કેસ પોલીસ દફતરે નોંધાયા છે. ઓછી ઉંમરનો ફાયદો ઉઠાવી ચોક્કસ તત્વો યુવાના ઉંબરે પગ મૂકતી સગીરાઓને મોહજાળમાં ફસાવી ભગાડી જતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં યુવક અને યુવતીની ઉંમર ઓછી હોવા છતાં ઘરેથી ભાગીને લગ્ન કરવાની ઘટનાઓ પણ લાલબત્તી સમાન બની રહી છે. પોલીસ દ્વારા સગીરાઓને ભગાડી જવાના કિસ્સામાં આરોપીઓની અટકાયત કરી કાયદાકીય કાર્યવાહી થતી હોવા છતાં ૭ મહિનામાં ૭૯ સગીરાઓ અન્ય યુવક સાથે મા-બાપ તેમજ પરિવારને છોડી ભાગી ગઈ છે. આગામી સમયમાં આ મુદ્દે સામાજીક સંસ્થાઓ તેમજ ખુદ સગીરાઓના પરિવારજનો દ્વારા યોગ્ય રીતે વિચારવામાં નહીં આવે તો સામાજીક વ્યવસ્થાને મોટી અસર થવાની સંભાવના છે.

માતા-પિતાએ ખાસ ધ્યાન રાખવું જરૂરી

બાયડ : જિલ્લામાં સગીરાઓના અપહરણના કિસ્સા વધી રહ્યા છે. પ્રેમ તેમજ લગ્નની લાલચ અનેક સગીરાઓને ભગાડી જવાઈ છે ત્યારે માતા-પિતાએ આ અંગે ખાસ કાળજી લેવાની જરૂરત છે. પોતાની દિકરી શું કરે છે, કોના સંપર્કમાં છે, અભ્યાસ દરમ્યાન તેનું ધ્યાન ભટકી તો ગયું નથી ને..?? વગેરે બાબતોની કાળજી રાખવી જરૂરી બની છે. આ સાથે ઘરની વ્યવસ્થા એવી ઉભી કરવી જોઈએ કે સગીર દિકરીને એકલતાપણું લાગવું ન જોઈએ અત્યારે તો વ્યક્તિ દીઠ દરેકના હાથમાં સ્માર્ટફોન આવી ગયા છે અને સોશ્યલ મીડીયાનો પણ વ્યાપ વધ્યો છે ત્યારે માતા-પિતાએ સતર્ક રહી સગીરા ઉપર ધ્યાન આપવામાં આવે તો ભાગીને પ્રેમલગ્ન કરવાના બનાવો ઘટી શકે છે.

તલોદના નવાગામમાં પ્રવેશદ્વારે રોડ ઉપર વરસાદી પાણીનું તળાવ ભરાયું

પાણીનો નિકાલ ન થતાં રાહદારી વાહન ચાલકો હેરાન પરેશાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ તલોદ તાલુકાના નવાગામના પ્રવેશદ્વારે રણાસણને જોડતા રોડ ઉપર વરસાદી પાણીનું તળાવ ભરાયું હોય તેવી સ્થિતિના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન બની ગયા છે. વરસાદી પાણીનો નિકાલ ન થતાં રોડના ગાબડાંમાં પાણી ભરાઈ રહેવાથી ખાસ કરીને દ્વિચક્રી વાહન ચાલકો માટે જોખમ ઉભું થયું છે. પાણીમાંથી પસાર થતા વાહનો ખોટકાઈ પડવાના બનાવ છતાં જવાબદાર તંત્ર વરસાદી પાણીના નિકાલમાં નિષ્ફળ રહ્યું છે. જિલ્લાના વિકસિત ગામો રોલ મોડેલ બની રહ્યાં છે ત્યારે ગાંધીનગરના સચિવાલય સુધી જે ગામની વગ હોવાનું કહેવાય છે તે તલોદ તાલુકાનું નવાગામ અનેક સમસ્યાઓથી વર્ષોથી સબડી રહ્યું છે. ચોમાસાની સીઝનમાં ગામના ફળીયાઓમાં પગપાળા પસાર થવું હોય તો મુશ્કેલ સ્થિતિ ગંદકીના કારણે ઉભી થતી હોય છે. તાજેતરમાં વરસેલા વરસાદ પછી ગામના પ્રવેશદ્વારે ડામર રોડ ઉપર પાણીનું તળાવ ભરાતાં હાલાકી ઉભી થઈ છે. ખેતરો તેમજ રહેણાંક વિસ્તાર નજીક ગટર વ્યવસ્થા ન હોવાના કારણે પાણીનો ભરાવો થયો છે. જ્યારે નજીકમાં ખેતર તેમજ હવે રહેણાંક મકાનો બની જતાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સંપૂર્ણ રૂંધાઈ છે. તાજેતરમાં વરસેલા વરસાદના કારણે ઢીંચણસમાં પાણી રોડ ઉપર જમા થયું હોવા છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં સરી પડ્યું છે. રાત્રિના સમયે રોડ ઉપર વરસાદી પાણીના કારણે પસાર થવા સમયે દ્વિ-ચક્રી વાહન ચાલકના માથે જીવનું ખુલ્લું જોખમ હોવા છતાં ગ્રામ પંચાયત દ્વારા રોડ ઉપર પુરણ કામ કરાવી પાણીનો નિકાલ કરવામાં ન આવતાં વાહન ચાલકો સમસમી ઉઠ્યા છે. રણાસણ વેપારી મથક હોવાથી આસપાસના ગામના વાહન ચાલકો આ રસ્તે વધુ અવર જવર કરી રહ્યા છે ત્યારે જોખમને ધ્યાનમાં રાખી વરસાદી પાણીનો નિકાલ થાય તે જરૂરી છે.

દેસાઈપુરા કંપામાં કૂવામાં પટકાતાં યુવકનું મોત

કબૂતરને મારવા જતાં ખુદ જીવ ગુમાવ્યો, કર્મનું ફળ અહીં જ ભોગવ્યું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૩ બાયડ તાલુકાના દેસાઈપુરાકંપાની સીમમાં કબૂતર મારવા જતાં હસમુખ ફતેસીંગ નાયકા આકસ્મિક ખાલી કૂવામાં ખાબકતાં ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. અબોલ કબૂતરને મારવા જતાં શિકારી ખુદ કર્મનું ફળ ભોગવી શિકાર થતાં બાયડ પોલીસે એડી નોંધી તપાસ શરૂ કરી છે.

કહેવાય છે કે કર્મનું ફળ અહીં જ ભોગવવું પડતું હોય છે. તાલુકાના દેસાઈપુરાકંપામાં છેલ્લા કેટલાક સમયથી ખેતમજૂરી કરતા નાયકા પરિવારનો યુવક કબુતરના માંસનો શોખીન હોવાથી અવાર નવાર સીમાડામાં આવેલા કૂવામાં માળો બાંધી રહેતા કબૂતરોનો શિકાર કરતો હતો. તા.૨૧ના રોજ યુવક કબૂતરની શોધમાં નિકળ્યો હતો જે સમયે દેસાઈપુરાકંપાની સીમમાં ખાલી કૂવામાં કબૂતરનો શિકાર કરવા જતાં અંદર ખાબક્યો હતો જેમાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજા થતાં હસમુખ નાયકાનું મોત નિપજ્યું હતું. પંચમહાલના છોટાઉદેપુર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના યુવકને કબૂતર મારવાનો શોખ ભારે પડી ગયા પછી મોતના બનાવે ચકચાર જગાવી છે. બનાવ અંગે અશ્વિનભાઈ ફતેસિંહ નાયકાની ફરિયાદના આધારે બાયડ પોલીસે એડી નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉત્તર ગુજરાતમાં જૂના વાહનોના ડેટા એકત્ર કરવા આર.ટી.ઓ. ધંધે લાગ્યું

નવી સ્ક્રેપ પોલીસી અમલમાં આવતાં ડેટા એકત્ર કરવાની કામગીરી શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ સરકાર દ્વારા વાહનો માટે નવી સ્ક્રેપ પોલીસી જાહેર કર્યા પછી રાજ્યમાં ૯ લાખ જેટલાં જૂનાં વાહનો સ્ક્રેપમાં મોકલવામાં આવે તેવી સંભાવના વચ્ચે ઉત્તર ગુજરાતમાં વાહનોના ડેટા એકત્ર કરવા માટે ૫ જિલ્લાનું આર.ટી.ઓ. તંત્ર ધંધે લાગ્યું છે. વિભાગ દ્વારા જૂના વાહનોના ડેટા એકત્ર કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેમાં નવી સ્ક્રેપ પોલીસીના અમલથી અનફીટ વાહનોને રોડ ઉપર ફરતાં અટકાવવા માટે આર.ટી.ઓ. તંત્ર સજ્જ બન્યું છે. ખખડધજ વાહનો રોડ ઉપર દોડતાં હોવાથી ગમખ્વાર અકસ્માતોની સંભાવના વધુ રહેતી હોય છે. જ્યારે જૂનાં વાહનો હવામાં ધુમાડો ફેલાવતાં હોવાથી પ્રદૂષણની માત્ર વધવાથી હવે ૧૫ વર્ષ જૂનાં વાહનોને ભંગારવાડે મોકલવા કેન્દ્ર સરકારે ખાસ નીતિ અમલી બનાવી છે. ગાંધીનગરમાં આયોજીત ઈન્વેસ્ટર સમીટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં નવી સ્ક્રેપ પોલીસીની જાહેરાત કર્યા પછી આર.ટી.ઓ. વિભાગમાં તેના અમલનો સડવળાટ શરૂ થયો છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આર.ટી.ઓ. વિભાગ દ્વારા હવે જૂના વાહનોના ડેટા એકત્ર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, ફોર વ્હીલર તેમજ સરકારી વાહનોની વિગતો અંકે કરવામાં આવી રહી છે. જે કોઈ વાહન નવી સ્ક્રેપ પોલીસીના માપદંડમાં ઉણું ઉતરશે તેવા વાહનોને તૂરત જ સ્ક્રેપમાં મોકલવા માટે તજ્જ્ઞો ગોઠવવામાં આવી રહ્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

વરસાદના બદલે બફારો : ઉત્તર ગુજરાતમાં મૂરઝાતી ખેતી, ઓગણીસ તાલુકામાં વરસાદના અમી છાંટણાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩ ઉત્તર ગુજરાતમાં સારો વરસાદ વરસશે તેવી સંભાવના રક્ષાબંધનના દિવસે પણ ખોટી સાબિત થઈ છે. ઉત્તર ગુજરાતની ધરતી ઉપર ૧૨.૫૦ લાખ હેક્ટર જમીનમાં ખરીફ વાવેતર સૂકાઈ રહ્યું છે. જગતનો તાત આકાશ ભણી મીટ માંડી રહ્યો છે પરંતુ વરસાદના બદલે ભયંકર બફારો અને ઉઘાડ નિકળતાં તાપના કારણે ખરીફ ખેતીને રોગચાળાનું ગ્રહણ લાગે તેવી દહેશત ઉભી થઈ છે. ૧૯ તાલુકામાં વરસાદના અમીછાંટણા વરસ્યા છે.

ઑગષ્ટ મહિનો પૂર્ણાહૂતિ તરફ જઈ રહ્યો છે. ઑગષ્ટ મહિનામાં ધોધમાર વરસાદ વરસશે, ખેતરો બેટમાં ફેરવાશે, જળાશયોમાં પાણીની બમ્પર આવક નોંધાશે આવી તમામ આશાઓ ૨૨ ઑગષ્ટ સુધી ખોટી સાબિત થઈ છે. કેન્દ્ર સરકારના હવામાન વિભાગ ઉપર છેલ્લા ૨ વર્ષથી ખેડૂતોને વિશ્વા હતો પરંતુ ફરી એકવાર હવામાન વિભાગ સાચી આગાહી કરવામાં નિષ્ફળ જતાં ખેડૂતોને હવામાન વિભાગની આગાહી ઉપર જરાય ભરોસો રહ્યો નથી. બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર રાજસ્થાન તરફ સરકી ગયું છે પરંતુ મહિસાગર, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સારો વરસાદ વરસશે તેવી અપેક્ષા પણ પરીપૂર્ણ થઈ નથી. જિલ્લાના બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના કેટલાક તાલુકાઓમાં વરસાદના અમીછાંટણા થયા છે. પરંતુ ખેતીને જીવતદાન આપે તેવો વરસાદ ન વરસતાં ખેડૂતોએ હવે કુદરત જ લાજ રાખે તેવા નિશાસા નાખવાની શરૂઆત કરી છે.